## ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ

પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોનનં. : ૦૨૮૫ –૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : www.pgvcl.com

CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૧૪/ક્વા-૦૧/૨૦૨૨-૨૩ / 684 તા. 21 SEP 2022

રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત

પ્રતિ,
ભીનીબેન અરજણભાઈ વદર
રહે. કુતિયાણા
કુતિયાણા
જી. :પોરબંદર, પીનકોડ : ૩૬૨૬૫૦ મોબાઈલ : ૯૮૨૪૪૦૧૭૭૪

વિષય : ખેતી વિષયક થ્રી ફેઈઝ વીજ જોડાણ આપવા બાબત.
સંદર્ભે : ભીનીબેન અરજણભાઈ વદર ની રજુઆત તારીખ: ૧૯.૦૫.૨૦૨૨

(અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૦૧૪/ક્વા-૦૧/૨૦૨૨-૨૩)

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.
નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, પોરબંદર

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, પોરબંદર ગ્રામ્ય

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, કુતિયાણા

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com
CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૪/ક્વા-૦૧/૨૦૨૨-૨૩/ ૫૪૫ તા.21 SEP 2022

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૧૪/ક્વા-૦૧/૨૦૨૨-૨૩**

અરજદાર: શ્રી ભીનીબેન અરજણભાઈ વદર, ગામ – કુતિયાણા
સબડીવીઝન: કુતિયાણા

:: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી પોરબંદર ગ્રામ્ય

:: ફોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી એન.સી.મકવાણા |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ
તારીખ: સોમવાર (૨૨-૦૮-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૨-૦૮-૨૦૨૨ (સોમવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા અરજદાર શ્રી ના પ્રતિનિધી તરીકે તેમના (પુત્ર) શ્રી ગાંગાભાઈ અરજણભાઈ વદર હાજર રહેલ હતા.

### :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અમોએ અમારા ડોક્યુમેંટ મુજબ અમારું નામ ભીનીબેન અરજણભાઈ વદર છે.અમારી અરજ છે કે, અમને કૃષિ (ખેતી) વિષયક વીજ જોડાણ દસ્તાવેજની નોંધ ઉપર આપવા વિનંતિ આઠ ગુઠા જમીન માં અંગત બોર આવેલ છે જેની નોંધ પડેલ છે. કુતિયાણા તાલુકાનાં ઉજડ થેપડા ગામની સર્વે નં. નવા ૫૪૫ છે. સરકારી નિયમ મુજબ આઠ ગુઠા ના દસ્તાવેજ બનાવેલ છે. જેની નોંધ આઠ (અ) માં પડેલ છે. કનેક્શન આપવા વિનતિ નવા સર્વે

નં. ૫૧૯ માં પાણી માટે હકક આપેલ છે. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 શ્રીમતિ ભીનીબેન અરજણભાઇ વદર ના નવા ખેતીવાડી વિજ જોડાણ માટે અત્રે ના ફોરમ સમક્ષ અરજી કરેલ છે. જેની ટુંકી વિગત નીચે મુજબ છે.

૧. અરજદાર શ્રીમતિ ભીનીબેન અરજણભાઇ વદર ગામ ઉજડ થેપડા જે કુતિયાણા પેટા વિભાગીય કચેરી હેઠળના ગામે ખેતીવાડી વિજ જોડાણની અરજી તા ૨૩.૦૮.૨૦૨૧ ના રોજ રસીદ નં ૯૧૩૭૪૭ થી રજીસ્ટ્રેશન કરાવેલ છે. (એસ.આર નં ૧૪૧૩૪૦૬૦)

૨. અરજદાર શ્રીમતિ ભીનીબેન અરજણભાઈ વદર ગામ ઉજડ થેપડા ખાતે સર્વે નં ૫૪૫ (જુના સર્વે નં ૫/૧/૧ (ક્ષેત્રફળ ૧.૧૫.૨૩) પર વિજ જોડાણ ૧૦ હો.પા. ની માંગણી કરેલ છે.

૩. અરજદાર શ્રીમતિ ભીનીબેન અરજણભાઇ વદર ગામ ઉજડ થેપડા જે કુતિયાણા પેટા વિભાગીય કચેરી હેઠળના ગામે ખેતીવાડી વિજ જોડાણની માંગણી બોર પર કરેલ છે જેના સર્વે નં ૫૧૯ છે .

૪. જે ૫૧૯ સર્વે નં ના ખાતા ધારક મેર રણમલભાઇ સરમણભાઇ તેમજ મેર રાજેશભાઇ સરમણભાઈ ના નામે છે, આમ સદર અરજદાર ભીનીબેન અરજણભાઇ વદર પોતાની જમીન સર્વે નં ૫૪૫ માં પાણીનો સ્રોત ૫૧૯ ( જે અન્ય ખાતેદારના નામે છે) ના બોર પર દર્શાવેલ છે અને સર્વે નં ૫૧૯ પર વિજ જોડાણ ની માંગણી કરેલ છે.

૫. નોંધ નં ૭૭૨૯ તા. ૦૫.૦૪.૨૦૨૧ મુજબ "કુતિયાણા તાલુકાના મોજે ઉજડ થેપડા ગામના ખાતા નં. ૫૧૯ હે. ૧૯૯૫.૪૭ વાળી ખેતીની જમીન મેર રણમલભાઇ સરમણભાઈ તથા મેર રાજેશભાઈ સરમણભાઇ ખુંટી નામે આવેલ છે. ઉક્ત જમીનમાં બોર આવેલ છે, જે બોર તથા અઠાઇ ની જમીન હે. ૦.૦૮.૦૯ નો કાયમી હકક ઉજડ થેપડા ગામ ના ખાતા નં ૩૯૮ સર્વે.નં ૫૨૯ ના ખાતેદાર મેર ભીનીબેન અરજનભાઈ,મેર ગાંગાભાઈ અરજનભાઇ, મેર નોંધણભાઇ અરજનભાઈ તથા ખાતા નં. ૬૦૯ સર્વે નં.૫૪૨,૫૪૩,૫૪૪,૫૪૫ ના ખાતેદાર મેર ભીનીબેન અરજણભાઇ વદરે રજી. દસ્તાવેજ નં ૧૭૧ તા ૧૮.૩.૨૦૨૧ થી હકક વેચાણ લેતા ઉક્ત હકક ની નોંધ ૭/૧૨ના બીજા હકમાં કરવા બીજા હક દાખલ ની નોંધ લીધી."

૬. વિભાગીય કચેરી દ્વારા આઉટ વર્ડ નં. ૭૦૧ તા. ૦૭.૦૫.૨૦૨૨ ના પ્રી ઓડીટ માં જણાવેલ છે કે, બોર મજમુ દર્શાવેલ છે. એક બોર પર બે વિજ જોડાણ શક્ય નથી, એક જ સર્વે માં બે વિજ જોડાણ પણ શક્ય નથી પીજીવીસીએલ ના પત્ર ન. જીયુવિએનએલ/ટેક-૨/આરએનઆર/૨૦૪૪ તા ૨૫.૧૦.૨૦૧૬ માં જણાવેલ છે.

૭. અરજદાર ભીનીબેન અરજનભાઇ વદર તા. ૧૯.૦૫.૨૦૨૨ ના રોજ અરજી કરીને જણાવે છે કે, "અમને (ભીનીબેન અરજનભાઈ) ખેતી વિષયક વિજ જોડાણ દસ્તાવેજ નોંધ ઉપર આપવા વિનંતી કરેલ છે. આઠ ગુંઠા ખાનગી મીલ્કત અમોએ (ભીનીબેન અરજણભાઈ એ) પાણી લેવા માટે લીધેલ છે. જેની ૭,૧૨, ૮-અ, માં નોંધ પડેલ છે. આઠ ગુઠા જમીનમાં અંગત બોર આવેલ છે. જેની નોંધ પડેલ છે. જે કુતિયાણા તાલુકાના ઉજડ થેપડા ગામની સર્વે નં. નવા ૫૪૫ છે. અને સરકારી નિયમ મુજબ આઠ ગુઠાના ૭,૧૨,૮-અ નથી નીકળતા અમોને (ભીનીબેન અરજનભાઈ) આઠ ગુંઠા ના

દસ્તાવેજ બનાવેલ છે જેની નોધ ૮-અ માં પાડેલ છે. તો અમોને (ભીનીબેન અરજનભાઈ)કનેકશન આપવા વિનંતી કરેલ છે."

૮. આમ સદર અરજી કરતાં અરજદાર શ્રી પોતાની ખેતીની જમીન સર્વે નં. ૫૪૫ પર સર્વે નં. ૫૧૯ માં પાણી લેવા માંગે છે. જે જમીન ૦.૦૮.૦૦ ગુઠા વેચાણથી લીધેલ છે.

:: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબ નાં નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જણાવેલ છે કે, બોર મજમું દર્શાવેલ છે. એક બોર પર બે વિજ જોડાણ શક્ય નથી, એકજ સર્વે નંબર માં બે વિજ જોડાણ આપી શકાય નહીં જે પીજીવીસીએલ નાં પત્ર નં. જીયુવિએનએલ/ટેક-૨/આરએનઆર/૨૦૪૪ તા ૨૫.૧૦.૨૦૧૬ માં જણાવેલ છે.

૪.૨ પીજીવીસીએલ કંપની નાં નિયમ મુજબ અરજદાર શ્રી દ્વારા જે જગ્યાએ કનેક્શન માંગણી કરેલ હોય તે જગ્યાએજ કનેક્શન મળી શકે.

૪.૩ જે જગ્યાએ કનેક્શન ની માંગણી કરેલ હોય તે જગ્યા માલીકીની હોવી જરૂરી છે. સદર બાબતે અરજદાર શ્રી ને નોટિસ આપી ને કુવા/બોર અંગેના ૭/૧૨, ૮ અ ના દાખલા રજૂ કરવા અરજદાર શ્રી ને જાણ કરવી.

૪.૪ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૧ મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૫ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી એન.સી.મકવાણા |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

નોંધ:-

(૧) અરજદાર સદર હુકમ થી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિન-30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ 3.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ 3.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલશ્રી નું સરનામું : વિદ્યુત લોકપાલની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧